

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## રવીન્દ્રભવન

૨ જૂન-૨૦૧૦ના રોજ રવીન્દ્રભવન તરફથી સત્યજિત રાય દિગ્દર્શિત Rabindranath Tagore : A radio Biographyના શ્રવણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રવીન્દ્રનાથ વિષે વિશ્વના મહાનુભાવોના શબ્દોમાં એમના વ્યક્તિત્વ વિષે પરિચર્યા સંયોજિત હતી. શ્રાવ્યની સાથે દશ્ય માધ્યમનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્રોતાઓએ કાર્યક્રમ રસપૂર્વક માણ્યો.

## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૧૭-૬-૨૦૧૦ ને ગુરુવારના રોજ સાંજે ૬.૦૦ કલાકેથી દીનાબહેન પંડ્યાએ 'ઓહવાટ' વાર્તાનું પઠન કર્યું હતું. તેના વિષયવસ્તુ, રજૂઆતની શૈલી અને બોલીના ઉચિત વિનિયોગે સૌ ભાવકોને પ્રભાવિત કર્યા હતા. આ વાર્તાને નર્મદ સાહિત્યસભા તરફથી સ્વ. કેતન મુનશી પારિતોષિક મળ્યું છે.

## શોકાંજલિ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, કવિલોક ટ્રસ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ અન્ય સંસ્થાઓના ઉપક્રમે વાર્તાકાર સદ્‌ગત શ્રી ઘનશ્યામ દેસાઈ અને આધુનિક કવિ અને વિવેચક શ્રી નીતિન મહેતાની શોકસભા તા. ૨૨-૬-૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. શ્રી સુમન શાહે સદ્‌ગત નીતિન મહેતાને સ્વસ્થ, સરળ અને સમજદાર એવાં ત્રણ વિશેષણોથી નવાજ્યા હતા અને તેમની વિવેચન વિશેની સમજ આપીને તેમની કવિતાઓનું પઠન કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી રતિલાલ બોરીસાગરે સદ્‌ગત ઘનશ્યામ દેસાઈ વિશેના વક્તવ્યમાં દીપક દોશી, ધીરુબહેન પટેલ, લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર, સુરેશ દલાલ, મધુ રાય, અનિલ જોશી અને લલિત લાડે વિવિધ સામયિકોમાં આપેલી શ્રદ્ધાંજલિના કેટલાક અંશોનું પઠન કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્યમાં વાર્તાકાર ઘનશ્યામ દેસાઈની 'કાગડો', 'ટોળું' વગેરે વાર્તાઓનું સ્મરણ કરીને વાર્તાની અને વ્યક્તિ ઘનશ્યામ દેસાઈની વિશેષતા ચીંધી આપી હતી. તો નીતિન મહેતાની સારા અધ્યાપક, સારા કવિ અને વિવેચક તરીકેની ચર્ચા કરી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે સભાનું સંચાલન કર્યું હતું તેમજ શોકઠરાવનું વાચન કર્યું હતું.

## સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્ય-સિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી'નું ચોથું વ્યાખ્યાન તા. ૧૫ જુલાઈ, ૨૦૧૦ ને ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે જાણીતા આધુનિક વિવેચક અને સર્જક શ્રી શિરીષ પંચાલ 'રસપ્રતીતિનાં વિઘ્નો : પૂર્વ અને પશ્ચિમમાં' વિષય પર આપશે. સાહિત્યસિદ્ધાન્તની વધુ ને વધુ નિકટ જવાય, પૂર્વ અને પશ્ચિમના કાવ્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતન પ્રવાહોની જાણકારી મળે એ આ શ્રેણીનો ઉદ્દેશ છે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.



## મૂલ્યો તો અમૂલ્ય

કાઉન્સિલ ઑફ સિનિયર્સ ઑફ એડિસનની પંદરમી વાર્ષિક જયંતીની ઉજવણીના ભાગ રૂપે શ્રી ભાનુભાઈ ત્રિવેદી લિખિત 'મૂલ્યો તો અમૂલ્ય'નું ઉદ્યોગપતિ શ્રી પીયૂષભાઈ પટેલે તા. ૨૩ મે, ૨૦૧૦ના રોજ રેરિટન સેન્ટર ખાતે વિમોચન કર્યું હતું.

## માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમનો આરંભ

માતૃભાષા સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર'ના ૨૧ દિવસના અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૬-૭-૨૦૧૦થી તા. ૧૮-૮-૨૦૧૦ સુધી સાંજે ૫.૦૦થી ૬.૩૦ કલાક દરમ્યાન ચાલનારા આ અભ્યાસક્રમની હાલ પૂરતી ફી રૂ. ૧૦૦ રાખવામાં આવેલ છે. તેમાં એક કલાક અધ્યાપન અને અર્ધો કલાક પ્રશ્નોત્તરીનો રહેશે. ભાષાના પ્રાથમિક અને મહત્ત્વનાં પાસાંઓના અભ્યાસમાં કોઈપણ ભાષારસિક-ભાષાજિજ્ઞાસુ વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. વધુ વિગત માટે પરિષદ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

S

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિ'ના ઉપક્રમે 'ગુજરાતી ભાષા અને સાહિત્ય સમક્ષના પડકારો' વિશે ભગવતીકુમાર શર્માએ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ ધો. ૧૨ વિજ્ઞાનની પરીક્ષામાં ૯૫ ટકાથી વધુ માર્ક્સ સાથે રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવનાર દેવલ અશોકકુમાર શાહ તથા 'શહીદે ગઝલ' માટે શકીલ કાદરીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રોતાઓને 'ગજવામાં ગામ' પરબ તરીકે પુસ્તક ભેટ આપ્યું હતું.

## પરદેશના સભ્યોને વિનંતી

પરબ એરમેઈલથી હવે મોકલવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી. વધેલા પોસ્ટ ખર્ચના રૂ. ૭૨૦ (વાર્ષિક) સત્વરે મોકલી આપવા વિનંતી.

## જેલ કાર્યક્રમ અંતર્ગત

(૧) રન્નાદે પ્રકાશને કુલ ૧૧૨૨ પુસ્તકો ભેટ આપ્યાં તે બદલ રન્નાદે પ્રકાશનનો હૃદયપૂર્વક આભાર. (૨) રાજેન્દ્ર પટેલ તરફથી કુલ ૭૦ પુસ્તકો ભેટ મળ્યાં. (૩) અનિલાબહેન દલાલ તરફથી કુલ ૩૦ પુસ્તકો ભેટ મળ્યાં.

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન

| | |
|---|---|
| (૧) કમિશનરશ્રી, વાહનવ્યવહાર (ગુ.રા.), ગાંધીનગર | ૭૦૦૦/- |
| (૨) સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર | ૭૦૦૦/- |
| (૩) ક્રિએટિવ ફૉરમ, ગાંધીનગર | ૭૦૦૦/- |

ઉપરોક્ત ત્રણેય દાન હ. શ્રી ગુણવંત શાહ

## પરબ અપીલ પેટે મળેલ દાન

| | |
|---|---|
| નીતિનચંદ્ર સી. મોદી, નવસારી | ૧૦૦૧/- |

ગુજરાતી સાહિત્ય પરિષદને શ્રી પાવન બકેરી તરફથી ચાર એસી ભેટ રૂપે મળ્યા તે બદલ હૃદયપૂર્વક આભાર. r